સંદેશ, ગાંધીનગર આવૃત્તિ
પાના નંબર :- 03
તારીખ :- ૨૮/૧૧/૨૦૨૫

# પાટનગરમાં મેટ્રો રૂટ પર તબક્કાવાર રોડ રિસર્ફેસિંગની કામગીરીનો આરંભ

## થોડા મહિનાઓમાં ફરી મુખ્યમાર્ગો ચકચકાટ કરી દેવાનું આયોજન

। ગાંધીનગર । (સં.ન્યૂ.સ.)

મેટ્રો રેલ, પાણી અને ડ્રેનેજની કામગીરી પગલે શહેરના તૂટેલા માર્ગો હવે ધીરે-ધીરે સરખા કરવામાં આવી રહ્યાં છે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ ફેઝ-૨ની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે, મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડાવવા માટે ચાલી રહેલી કામગીરીને પગલે શહેરના મોટાભાગના બંધ માર્ગો ખુલી ગયા છે. જેમાં ડિવાઈડર, કર્બિંગ સહિતની કામગીરી બાદ ડામર પાથરવામાં આવશે. જેને પગલે શહેરના નાગરિકોને પહેલાની જેમ જ મુખ્યમાર્ગો ચકચકાટ જોવા મળશે. પાટનગરની ઓળખ તેના વિશાળ અને ચોખ્ખા માર્ગો છે, જોકે છેલ્લા ત્રણ-ચાર વર્ષથી મેટ્રો રેલ પ્રોજેક્ટ, ૨૪ કલાક પાણીની યોજના અને નવી ડ્રેનેજ લાઈનની કામગીરી વચ્ચે શહેરના માર્ગો હતા ન હતા થઈ ગયા છે. જોકે મેટ્રો અને ડ્રેનેજ લાઈનની



કામગીરી પણ પૂર્ણતા તરફ છે. મેટ્રો સ્ટેશનની કામગીરી પૂર્ણ થતાં તબક્કાવાર મોટાભાગના મુખ્ય માર્ગો એક પછી એક ખુલી ગયા છે. જોકે મેટ્રો સ્ટેશનનો નીચે ઘણા વિસ્તારમાં માર્ગોની સ્થિતિ હજુ સુધરી નથી. જેમાં મેટ્રો દ્વારા જગ્યા સરખી કરીને ફૂટફાથ, કર્બિંગની કામગીરી કર્યા બાદ પાટનગર યોજના વિભાગ દ્વારા ડામર પાથરવામાં આવે છે. રોડ નંબર પાંચ ઉપર ડામર પાથરી દેવાતા વાહન ચાલકોની પરેશાની ઓછી થઈ છે, જોકે હજુ છ-રોડ, રોડ નંબર ત્રણ સહિતના માર્ગો ઉપર કામગીરી બાકી છે.